# પ્રકરણ : ૨૭


# સંસાર સુખ અને મોક્ષ સુખનો તફાવત



સંસારીનું સુખ એવું, ઝાંઝવાના જળ જેવું
સૂર્યના પ્રકાશ પાસે, દીવડાના જેવુ ભાસે.



ભાવાર્થ : સંસારનું કહેવાતું સુખ ઝાંઝવાના જળ જેવું અવાસ્તવિક અને છેતરામણું છે. સિદ્ધ ભગવાનના **સૂર્યના પ્રકાશ** જેવા અતિશય સુખ પાસે તે **દીવડાના પ્રકાશ** જેવું આછેરૂં છે.




મોક્ષના પારમાર્થિક વાસ્તવિક સુખની સંસારના અપારમાર્થિક અવાસ્તવિક સુખ સાથે સરખામણી કઈ રીતે હોય? ક્યાં રાજા ભોજ અને ક્યાં ગંગુ તેલી? મોક્ષના સાચા સુખ અને સંસારના કહેવાતા સુખ વચ્ચે આસમાન-જમીનનો આંતરો છે. ખરેખર તો મોક્ષપ્રાપ્ત સિદ્ધ ભગવાનનું સુખ અને સંસારપ્રાપ્ત સંસારી જીવની સુખની જાત જ જુદી છે. એટલું જ નહિ પણ સિદ્ધ ભગવાનનું સુખ એ જ એક માત્ર પારમાર્થિક સુખ છે અને સંસારી જીવનું કહેવાતું સુખ એ પરમાર્થે દુઃખ જ છે. તેથી સિદ્ધ ભગવાનનું સુખ જ સંપૂર્ણપણે સ્વીકાર્ય હોવાથી પરમ ઉપાદેય છે અને સંસારી જીવનું કહેવાતું સુખ બિલકુલ ત્યાજય હોવાથી અત્યંત હેય છે. આ બાબત આ નીચે આપેલા સિદ્ધ ભગવાનના સાચા સુખ અને સંસારી જીવના કહેવાતા સુખ વચ્ચેના તફાવતના આધારે સમજી શકાય છે.

## સિદ્ધનું વાસ્તવિક સુખ

### ૧. વિષયાતીત છે.

સમસ્ત વિકલ્પજાળ રહિત પરમ સમાધિથી સર્વ આત્મપ્રદેશોત્પન્ન પરમ આહ્લાદકરૂપ સ્વરૂપ તૃપ્તિ વર્તે છે એવા સિદ્ધ ભગવાનને વ્યક્તપણે કે અવ્યક્તપણે વિષય તૃષ્ણા વર્તતી નથી. સિદ્ધ ભગવાનને વ્યાધિ સમાન વિષય તૃષ્ણા નહિ હોવાથી વ્યાધિના પ્રતિકાર સમાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ જેવી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં રતિ ઉપજતી નથી. આવા સિદ્ધ ભગવાન મોહના સર્વથા અભાવથી ઉત્પન્ન નિર્વિષયી આત્મસ્વભાવને વશ વર્તનારી શુદ્ધોપયોગરૂપ પરિણતિપણું અનુભવતાં જેની જ્ઞાન-દર્શન-વીર્યાત્મક શક્તિની પરમ શુદ્ધતા પ્રગટ થઈ છે એવા સમીચીન સુખરૂપ થાય છે. આ રીતે સિદ્ધ ભગવાનનું સુખ વિષયોને અવલંબીને ન થતું હોવાથી વિષયાતીત છે.




## સંસારીનું કહેવાતું સુખ

### ૧. વિષયાધીન છે.

સમસ્ત વિકલ્પજાળ સહિત અને સ્વરૂપ તૃપ્તિ રહિત એવા સંસારી જીવને વ્યક્તપણે અને અવ્યક્તપણે વિષય તૃષ્ણા વર્તે છે. સંસારી જીવને વ્યાધિ સમાન વિષય તૃષ્ણાનો વેગ નહિ સહી શકવાથી વ્યાધિના પ્રતિકાર સમાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ જેવી પાંચ ઈન્દ્રિયોના રમ્ય વિષયોમાં રતિ ઉપજે છે. આવો સંસારી જીવ ઉન્માદજનક મદિરા પીધેલ હોય એવી પ્રકૃષ્ટ મોહને વશ વર્તનારી પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ ધસતી ઈન્દ્રિયો વડે જેની જ્ઞાન-દર્શન-વીર્યાત્મક શક્તિની પરમ શુદ્ધતા રોકાઈ ગઈ છે એવા અશુદ્ધોપયોગરૂપ પરિણતિપણું અનુભવતો અસમીચીન સુખરૂપ થાય છે. આ રીતે સંસારી જીવનું સુખ વિષયોને અવલંબીને થતું હોવાથી વિષયાધીન છે.


## સિદ્ધનું વાસ્તવિક સુખ

### ૨. અમર્યાદિત છે.

સિદ્ધ ભગવાનનું વાસ્તવિક સુખ તેના સ્વભાવને કારણે છે. આત્માનો સ્વભાવ અગાધ શક્તિથી ભરેલો છે. તે સ્વભાવમાં કોઈ સીમા મર્યાદા હોય નહિ. સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ તેના અમર્યાદિત આત્મસ્વભાવની પ્રગટતાને કારણે હોવાથી તે અમર્યાદિત છે.

### ૩. અવ્યાબાધ છે.

સિદ્ધ ભગવાનનું સુખ કોઈ પણ પ્રકારની તૃષ્ણાની પ્રગટ વ્યક્તતા વિનાનું હોતું થકું બાધારહિતપણાને કારણે અવ્યાબાધ છે.



### ૪. નિર્વિકલ્પ છે.

સિદ્ધ ભગવાનનું સુખ નિર્વિકલ્પ આત્માનુભૂતિથી ઉત્પન્ન થતું હોવાથી નિર્વિકલ્પ છે.

### ૫. અનંત છે.

સિદ્ધ ભગવાનનું આત્મિક સુખ આત્માને આધીન નિર્મોહ પરિણતિને કારણે છે. સિદ્ધ ભગવાનનો મોહ સમૂળગો નાશ પામ્યા પછી તે ફરી ક્યારેય ઉત્પન્ન ન થતો હોવાથી તેમનું સુખ સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું થકું તે અનંત છે.

### ૬. સમંત છે.

સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિય સુખ આત્માને આધીન છે. આ સુખ કોઈ પણ કર્મના આવરણ વગર સમગ્ર આત્મપ્રદેશો દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈને વ્યાપી રહેલું હોવાથી તે સમંત છે.

### ૭. નિરૂપાધિક છે.

સિદ્ધ ભગવાનનું સાહજિક સુખ સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ સમાધિ સહિતનું અને આધિ-વ્યાધિ-ઉપાધિ રહિતનું હોવાથી નિરૂપાધિક છે.

### ૮. અવિચ્છિન્ન છે.


સિદ્ધ ભગવાનનું સુખ એકમાત્ર આત્માને આધીન છે.

## સંસારીનું કહેવાતું સુખ

### ૨. મર્યાદિત છે.

સંસારી જીવનું કહેવાતું સુખ તેના વિભાવને કારણે છે. આત્માનો વિભાવ મર્યાદિત છે. જો વિભાવને મર્યાદા ન હોય તો જીવ વિભાવમાંથી કદી પાછો જ ન વળે. પરંતુ અનાદિકાળના વિભાવમાંથી પણ જીવ પાછો વળી શકે છે. સંસારી જીવનું સુખ તેના મર્યાદિત વિભાવની પ્રગટતાને કારણે હોવાથી તે મર્યાદિત છે.

### ૩. સવ્યાબાધ છે.



સંસારી જીવનું સુખ ખાવાની ઈચ્છા, પીવાની ઈચ્છા, મૈથુનની ઈચ્છા જેવી અનેક પ્રકારની તૃષ્ણાની પ્રગટ વ્યક્તતાવાળું હોતું થકું બાધા સહિતપણાને કારણે સવ્યાબાધ છે.

### ૪. સવિકલ્પ છે.

સંસારી જીવનું સુખ સવિકલ્પ પરાનુભૂતિથી ઉત્પન્ન થતું હોવાથી સવિકલ્પ છે.

### ૫. સાન્ત છે.

સંસારી જીવનું સાંસારિક સુખ વિષયોને આધીન મોહ પરિણતિને કારણે છે. સંસારી જીવનો મોહ સમૂળગો ઉભો છે. મોહજન્ય સુખ ઈષ્ટ વિષયોને અવલંબતું હોવાથી અને ઈષ્ટના વિયોગથી નાશ પામતું થકું તે સાન્ત છે.

### ૬. અસમંત છે.

સંસારી જીવનું ઈન્દ્રિયસુખ ઈન્દ્રિયોને આધીન છે. આ સુખ, જે તે કર્મના ક્ષયોપશમ અનુસાર જે તે ઈન્દ્રિય મારફત તેને સંલગ્ન આત્મપ્રદેશો દ્વારા પરોક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈને વ્યાપી રહેલું હોવાથી તે અસમંત છે.

### ૭. સોપાધિક છે.

સંસારી જીવનું સાંસારિક સુખ સ્વરૂપ સમાધિ રહિતનું અને સંસાર સંબંધી આધિ-વ્યાધિ-ઉપાધિ સહિતનું હોવાથી સોપાધિક છે.

### ૮. વિચ્છિન્ન છે.

સંસારી જીવનું સુખ કર્મના ઉદયને આધીન છે. કર્મનો ઉદય

## સિદ્ધનું વાસ્તવિક સુખ

આત્મસ્વરૂપ બદલાતું નહિ હોવાથી આત્મધીન શુદ્ધોપયોગથી નિષ્પન્ન આ સુખ બિલકુલ આંતરો પડ્યા વિના એકધારૂં અખંડિત પ્રવર્તતું હોવાથી અવિચ્છિન્ન છે.

### ૯. અખેદખિન્ન છે.

સિદ્ધ ભગવાનનું સુખ સંપૂર્ણજ્ઞાન-ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાન સાથે સંકળાયેલું છે. આ જ્ઞાન ઈચ્છા વગર એક જ સમયમાં સમસ્ત વિષયોને જાણે છે. ભગવાનને કાંઈ પણ જાણવાનું બાકી ન હોવાથી ન જાણેલાને જાણવાનો ખેદ રહેતો નથી. તેથી તેમનું સુખ અખેદખિન્ન છે.

### ૧૦. ક્ષાયિક છે.

સિદ્ધ ભગવાનનું પારમાર્થિક સુખ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થતી આત્માની સમીચીન શુદ્ધ પરિણતિને કારણે પાંચ પ્રકારની ક્ષાયિક લબ્ધિ સહિતનું હોવાથી તે ક્ષાયિક છે.




### ૧૧. ઉત્કૃષ્ટ છે.

સિદ્ધ ભગવાનનું સુખ સર્વોત્કૃષ્ટ સ્વભાવની પ્રાપ્તિથી ઉત્પન્ન પરમ શુદ્ધ પરિણતિને કારણે હોવાથી તે ઉત્કૃષ્ટ છે.

### ૧૨. અપ્રમત છે.

સિદ્ધ ભગવાનનું સુખ મોહરહિત હોવાને કારણે અપ્રમાદી હોવાથી અપ્રમત છે.

### ૧૩. અતીન્દ્રિય છે.

સિદ્ધ ભગવાનનું સુખ સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા અતીન્દ્રિય જ્ઞાનને કારણે હોવાથી તે અતીન્દ્રિય છે.

### ૧૪. નિઃપ્રતિપક્ષ છે.

સિદ્ધ ભગવાનનું સુખ સ્વાધીન છે. આ સુખને અન્ય કોઈ ચ્યૂત કરી શકતું નથી. આ રીતે તે વિપક્ષની ઉત્પત્તિ વિનાનું હોવાથી નિઃપ્રતિપક્ષ છે.

### ૧૫. અક્ષુબ્ધ છે.

સિદ્ધ ભગવાનનું સુખ સ્વાશ્રયે ઉત્પન્ન થતી શુદ્ધોપયોગરૂપ આત્મપરિણતિને કારણે છે. આ શુદ્ધોપયોગરૂપ આત્મપરિણતિ પોતાના સુખને માટે કોઈ પણ બાહ્ય સામગ્રી શોધવાની વ્યગ્રતા વગર સ્વાત્માનુભવના પ્રભાવ વડે સદાય નિશ્ચળ રહે છે. સિદ્ધ ભગવાનનું સુખ આવી સ્થિર

## સંસારીનું કહેવાતું સુખ

બદલાતો રહેતો હોવાથી કર્માધીન અશુદ્ધોપયોગથી નિષ્પન્ન આ સુખ એકધારૂં અખંડિત પ્રવર્તતું ન હોવાથી વિચ્છિન્ન છે.

### ૯. સખેદખિન્ન છે.

સંસારી જીવનું સુખ અપૂર્ણજ્ઞાન-ક્ષાયોપશમિકજ્ઞાન-છદ્મસ્થજ્ઞાન સાથે સંકળાયેલું છે. આ જ્ઞાન ઈચ્છાપૂર્વક એક સમયમાં એક જ વિષયને જાણે છે. સંસારીને ઘણું જાણવાનું બાકી હોવાથી ન જાણેલાને જાણવાનો ખેદ રહ્યા કરે છે. તેથી તેનું સુખ સખેદખિન્ન છે.

### ૧૦. ઔદયિક છે.

સંસારી જીવનું અપારમાર્થિક સુખ કર્મોના ઉદયથી ઉત્પન્ન થતી આત્માની અસમીચીન અશુદ્ધ પરિણતિને કારણે એકવીસ પ્રકારના ઔદયિક ભાવો સહિતનું હોવાથી તે ઔદયિક છે.

### ૧૧. નિકૃષ્ટ છે.

સંસારી જીવનું સુખ સર્વોત્કૃષ્ટ સ્વભાવની અપ્રાપ્તિથી ઉત્પન્ન અત્યંત અશુદ્ધ પરિણતિને કારણે હોવાથી તે નિકૃષ્ટ છે.

### ૧૨. પ્રમત છે.

સંસારી જીવનું સુખ મોહસહિત હોવાને કારણે પ્રમાદી હોવાથી પ્રમત છે.

### ૧૩. ઈન્દ્રિય છે.

સંસારી જીવનું સુખ દુઃસહ કર્મભારના ક્ષયોપશમથી પ્રવર્તતા ઈન્દ્રિયજ્ઞાનને કારણે હોવાથી તે ઈન્દ્રિય છે.

### ૧૪. સપ્રતિપક્ષ છે.

સંસારી જીવનું સુખ શાતાવેદનીય કર્મના ઉદયને આધીન છે. આ સુખને અશાતાવેદનીય કર્મનો ઉદય ચ્યૂત કરે છે. આ રીતે તે વિપક્ષની ઉત્પત્તિવાળું હોવાથી સપ્રતિપક્ષ છે.

### ૧૫. ક્ષુબ્ધ છે.

સંસારી જીવનું સુખ પરાશ્રયે ઉત્પન્ન થતી અશુદ્ધોપયોગરૂપ આત્મપરિણતિને કારણે છે. આ અશુદ્ધોપયોગરૂપ આત્મપરિણતિ પોતાના સુખને માટે બાહ્ય સામગ્રી શોધવાની સતત વ્યગ્રતાને કારણે સદાય ધૂમરી ખાતી રહે છે. સંસારી જીવનું સુખ આવી અસ્થિર

## સિદ્ધનું વાસ્તવિક સુખ

આત્મપરિણતિને કારણે હોવાથી તે અક્ષુબ્ધ છે.

### ૧૬. સ્વાધીન છે.

સિદ્ધ ભગવાનનું સુખ અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ ઉપર મહાવિકાસથી વ્યાપીને પરના સંબંધ વગર પોતાથી જ પ્રગટ થતું હોવાથી સ્વાધીન છે.

### ૧૭. શાશ્વત છે.

સ્વરૂપ સમાધિથી નિષ્પન્ન સિદ્ધ ભગવાનનું સ્વાભાવિક સુખ સાદિ-અનંત સદશ અર્થાત્ એક સરખું રહેતું હોવાથી તે શાશ્વત છે.

### ૧૮. મોક્ષનું કારણ છે.



સિદ્ધ ભગવાનનું સુખ શુદ્ધોપયોગની પ્રવૃત્તિને કારણે છે. શુદ્ધોપયોગના માર્ગને વળગેલી વીતરાગી પરિણતિ અતીન્દ્રિય આત્મિક સુખની ઉત્પાદક મોક્ષનું કારણ છે. આ રીતે સિદ્ધ ભગવાનનું સુખ જ તેના મોક્ષને દર્શાવનાર મોક્ષનું કારણ છે.

### ૧૯. નિર્દ્વંદ્વ છે.

સિદ્ધ ભગવાનનું સુખ રાગ-દ્વેષના દ્વંદ્વ-દ્વૈત વગરનું વીતરાગ શુદ્ધોપયોગ શક્તિથી નિષ્પન્ન થતું થકું નિર્દ્વંદ્વ છે.

### ૨૦. અતિશય છે.

સિદ્ધ ભગવાનનું સુખ અનાદિકાળથી પૂર્વે કદી ન અનુભવાયેલ એવું અપૂર્વ, અકષાયી, અદ્ભુત, આહ્લાદરૂપ અમાપ હોવાને કારણે તે અતિશય છે.

### ૨૧. અનુપમેય છે.

સિદ્ધ ભગવાનનું સુખ જગતમાં જણાતાં અન્ય સુખોથી અત્યંત વિલક્ષણ કે જુદી જાતનું હોવાથી તેની તુલના જગતના અન્ય કોઈ સુખની સાથે થઈ શકતી નથી. તેની તુલના સિદ્ધની સાથે જ થઈ શકે છે. જેમ કે, સિદ્ધ ભગવાનનું સુખ સિદ્ધ ભગવાનના સમું છે. આ રીતે સિદ્ધ ભગવાનના સુખને અન્ય કોઈ ઉપમા આપી શકાતી ન હોવાથી તે અનુપમેય છે.

## સંસારીનું કહેવાતું સુખ

આત્મપરિણતિને કારણે હોવાથી તે ક્ષુબ્ધ છે.

### ૧૬. પરાધીન છે.

સંસારી જીવનું સુખ ક્ષાયોપશમિક ઉપયોગ શક્તિઓ વડે જે તે પ્રકારની ઈન્દ્રિયો વડે પરવિષયોને ગ્રહણ કરતું પરના સંબંધવાળુ હોતું થકું પરાશ્રયપણાને લીધે પરાધીન છે.

### ૧૭. ક્ષણિક છે.

સ્વરૂપ અસમાધિથી નિષ્પન્ન સંસારી જીવનું વૈભાવિક સુખ અનાદિ-સાન્ત વિસદશ અર્થાત્ એક સરખું રહેતું ન હોવાથી તે ક્ષણિક છે.

### ૧૮. બંધનું કારણ છે.



સંસારી જીવનું સુખ વિષયોપભોગની પ્રવૃત્તિને કારણે છે. વિષયોપભોગના માર્ગને વળગેલી રાગાદિ દોષોની સેના અનુસાર ભવિષ્યમાં સહી ન શકાય તેવા નરકાદિ દુઃખના ઉત્પાદક કર્મરજનાં ઘનપટલનો સંબંધ થાય છે. આ રીતે સંસારી જીવનું સુખ જ તેના સંસારને બતાવનારૂં બંધનું કારણ છે.

### ૧૯. સદ્વંદ્વ છે.

સંસારી જીવનું સુખ રાગ-દ્વેષના દ્વૈત સહિતનું સરાગ અશુદ્ધોપયોગ શક્તિથી નિષ્પન્ન થતું થકું સદ્વંદ્વ છે.

### ૨૦. હીણું છે.

સંસારી જીવનું સુખ અનાદિકાળથી અનુભવાતું કષાયેલ, બેસ્વાદરૂપ, સંકુચિત હોવાને કારણે હીણું છે.

### ૨૧. ઉપમેય છે.

સંસારી જીવનું સુખ જગતમાં જણાતાં અન્ય સુખોના લક્ષણવાળું અને તે જ જાતનું હોવાથી તેની તુલના અન્યની સાથે થઈ શકે છે. જેમ કે, ત્રીજા કાળના અંતમાં થતાં કુલકરોનું સુખ ચક્રવર્તીના સુખથી પણ ચઢિયાતું છે. આ રીતે સંસારી જીવનાં સુખને અન્ય કોઈ ઉપમા આપી શકાતી હોવાથી તે ઉપમેય છે.


## સિદ્ધનું વાસ્તવિક સુખ



### ૨૨. વચનાતીત છે.

સિદ્ધ ભગવાનનું સુખ સ્વાભાવિક હોવાથી પરનિરપેક્ષ છે. તેથી તે માત્ર અનુભવગોચર છે અને ઈન્દ્રિયાદિ અન્ય સાધનો વડે ન જાણી શકાય તેવું છે. આવા સુખનું વર્ણન વચનોથી ન થઈ શકે તેવું હોવાથી તે વચનાતીત છે.

### ૨૩. સમ છે.



સિદ્ધ ભગવાનનું સુખ સકળ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ આત્માધીન શુદ્ધ સ્વાભાવિક પરિણતિને કારણે છે. આત્માનું સ્વરૂપ શાંત અને નિશ્ચળ હોવાથી તેને અવલંબનારી પરિણતિ સ્થિર સ્વરૂપને અવલંબનારા સરોવરનાં જળની માફક સ્થિર રહે છે. સિદ્ધ ભગવાનનું સુખ આવી ચૈતન્યાનુવિધાયિની એક સરખી રહેતી સ્થિર સ્વભાવ-પરિણતિને કારણે હોવાથી સમ છે.

### ૨૪. નિરપેક્ષ છે.

સિદ્ધ ભગવાનનું સાહજિક સુખ વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સ્વાવલંબી સહજાનંદમયી સ્વરૂપતૃપ્તિને કારણે છે. આ સુખ કોઈ પણ બાહ્ય વિષયોની અપેક્ષા વિનાનું હોવાથી નિરપેક્ષ છે.

### ૨૫. અનાકુળ છે.

સિદ્ધ ભગવાનને સર્વ અનિષ્ટનો નાશ થયો છે અને સર્વ ઈષ્ટની પ્રાપ્તિ થઈ છે, તેમને પારમાર્થિક સુખને રોકનાર અજ્ઞાન આખુંય નાશ પામ્યું છે. અને પારમાર્થિક સુખના સાધનભૂત પરિપૂર્ણ જ્ઞાન ઉપજ્યું છે. સર્વ વિષયોનું યુગપદ્ ગ્રહણ હોવા છતાં ઈચ્છા બિલકુલ નથી. આથી સિદ્ધ ભગવાનનું પારમાર્થિક સુખ અત્યંત અનાકુળ છે.

### ૨૬. સ્વભાવપ્રતિઘાતના અભાવરૂપ છે.

સિદ્ધ ભગવાનને મોહના અભાવથી દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો છે. અને તેથી આત્માના દર્શન-જ્ઞાન સ્વભાવના પ્રતિઘાતનો અભાવ છે. સિદ્ધ ભગવાનનું દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે અને જ્ઞાન સમસ્ત પદાર્થોના પારને પામેલું છે. તેમનું દર્શન-જ્ઞાન એકી સાથે અક્રમે પ્રવર્તે છે. સિદ્ધ ભગવાનને દર્શન-જ્ઞાનની સંપૂર્ણ સ્વતંત્રતાને

## સંસારીનું કહેવાતું સુખ

### ૨૨. વચનીય છે.

સંસારી જીવનું સુખ પરસાપેક્ષ છે. તેથી તે માત્ર અનુભવગોચર નથી પરંતુ ઈંદ્રિયાદિ અન્ય સાધનો વડે પણ જાણી શકાય તેવું છે. આવા સુખનું વર્ણન વચનોથી થઈ શકે તેવું હોવાથી તે વચનીય છે.

### ૨૩. વિષમ છે.

સંસારી જીવનું સુખ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ કર્માધીન અશુદ્ધ વૈભાવિકપરિણતિને કારણે છે. કર્મનો ઉદય અશાંત અને ચળાયમાન હોવાથી તેને અવલંબનારી પરિણતિ અસ્થિર ચંદ્રની કળાને અવલંબનારા સમુદ્રના જળની માફક અસ્થિર રહે છે. સંસારી જીવનું સુખ આવી કર્માનુવિધાયિની એક સરખી ન રહેતી અસ્થિર વિભાવ-પરિણતિને કારણે હોવાથી વિષમ છે.

### ૨૪. સાપેક્ષ છે.


સંસારી જીવનું અસાહજિક સુખ સરાગ સવિકલ્પ ઉપાધિથી ઉત્પન્ન પરાવલંબી મોહમયી વિષયતૃષ્ણાને કારણે છે. આ સુખ અનેક બાહ્ય વિષયોની અપેક્ષા સહિતનું હોવાથી સાપેક્ષ છે.

### ૨૫. આકુળ છે.

સંસારી જીવને અનિષ્ટનો નાશ નથી અને ઈષ્ટની પ્રાપ્તિ નથી. તેમને પારમાર્થિક સુખને રોકનાર અજ્ઞાન આખુંય ઊભું છે. અને પારમાર્થિક સુખના સાધનભૂત પરિપૂર્ણ જ્ઞાન ઉપજ્યું નથી. કોઈક વિષયનું કિંચિત્ ગ્રહણ હોવા છતાં ઈચ્છા અનંત છે. આથી સંસારી જીવનું અપારમાર્થિક સુખ અત્યંત આકુળ છે.

### ૨૬. સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ છે.

સંસારી જીવને મોહના સદ્‌ભાવથી દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયકર્મનો સદ્‌ભાવ છે. અને તેથી આત્માના દર્શન- જ્ઞાન સ્વભાવના પ્રતિઘાતનો સદ્‌ભાવ છે. સંસારી જીવનું દર્શન-જ્ઞાન અત્યંત હીણું પ્રવર્તે છે. તેમનું દર્શન-જ્ઞાન વારાફરતી ક્રમપૂર્વક પ્રવર્તે છે. સંસારી જીવને દર્શન-જ્ઞાનની સંપૂર્ણ પરતંત્રતાને કારણે અતિ મર્યાદિતપણે

| ## સિદ્ધનું વાસ્તવિક સુખ | ## સંસારીનું કહેવાતું સુખ |
|---|---|
| કારણે તે અમર્યાદિતપણે ખીલેલાં છે. આ રીતે સિદ્ધ ભગવાનનું સુખ દર્શન-જ્ઞાનસ્વભાવના પ્રતિઘાતના અભાવથી ઉપજેલું હોવાથી તે સ્વભાવપ્રતિઘાતના અભાવરૂપ છે. | ખીલેલાં છે. આ રીતે સંસારી જીવનું સુખ દર્શન-જ્ઞાનસ્વભાવના પ્રતિઘાતના સદ્‌ભાવથી ઉપજેલું હોવાથી તે સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવરૂપ છે. |
|  **૨૭. અનંત સારવાળું છે.** સિદ્ધ ભગવાનનું અતીન્દ્રિય આત્મિક સુખ જ સત્ય અને સત્ત્વયુક્ત હોવાથી તે અનંત સારવાળું છે. | **૨૭. અત્યંત નિઃસાર છે** સંસારી જીવનું ઈન્દ્રિયજન્ય લૌકિક સુખ અસત્ય અને નિઃસત્ત્વ હોવાથી તે અત્યંત નિઃસાર છે.  |
| **૨૮. પરમ ઉપાદેય છે.** ઉપરોક્ત દરેક કારણસર સિદ્ધ ભગવાનનું સુખ સંપૂર્ણ સ્વીકાર્ય હોવાથી તે પરમ ઉપાદેય છે. | **૨૮. અત્યંત હેય છે.** ઉપરોક્ત દરેક કારણસર સંસારી જીવનું સુખ બિલકુલ ત્યાજ્ય હોવાથી તે અત્યંત હેય છે. |

જીવને સુખ જોઈએ છે તે વાત તો નક્કી જ છે. સુખ ન ઈચ્છે તે જડ હોય પણ જીવ ન હોય, જે જીવ દુઃખી હોય તો તે સુખી પણ થઈ શકે છે. અને જે પોતાને ભ્રાંતિથી સુખી માનતો હોય તો તેણે ઉપરોક્ત મોક્ષના વાસ્તવિક સુખ અને સંસારના કહેવાતા સુખ વચ્ચેના તફાવતના આધારે પોતાનું કહેવાતું સાંસારિક સુખ કેવું છે તે પોતે જ નક્કી કરી લેવું. જો પોતે શાંત ચિત્તે વિચારશે તો જણાશે કે સાંસારિક સુખ પરમાર્થે દુઃખ જ છે અને તેથી તે અત્યંત હેય છે.

મોક્ષના સાચા સુખની અણસમજણના કારણે અને સાંસારિક સુખને જ વાસ્તવિક સુખ માનવાના કારણે અનાદિકાળથી અજ્ઞાની જીવ આ સાંસારિક સુખ માટે જ પ્રયત્ન કરતો આવ્યો છે. તેથી આવા સુખ વિષે કાંઈ શીખવવું પડે તેમ નથી. જીવને આ સુખનો અનુભવ અને પરિચય પહેલાંથી જ છે. તેમ છતાં આ વિષયજન્ય સાંસારિક સુખની પ્રાપ્તિનું શિક્ષણ અને પરસ્પર તેનો ઉપદેશ આ જીવ આપતો આવ્યો છે. તેથી આ સુખ માટેનો જ તનતોડ પ્રયત્ન પ્રવર્ત્યા કરે છે. પણ મોક્ષ અને મોક્ષમાર્ગના આત્મિક સુખનો અનુભવ કે ઓળખાણ આ જીવને ન હોવાથી તેના માટેનો પ્રયત્ન ક્યારેય પણ કરવામાં આવ્યો નથી. જો એક વાર પણ સાંસારિક સુખને અયથાર્થ સમજી તેની રુચિ છોડી દેવામાં આવે અને આત્મિક સુખને પ્રાપ્ત કરવાની અંતરંગમાં યથાર્થ રુચિ ઉત્પન્ન કરવામાં આવે તો અનાદિકાળથી ચાલી આવતી સાંસારિક વિષયજન્ય સુખ પાછળની આંધળી દોટ બંધ થાય અને આત્મિક સુખનો પ્રયત્ન શરૂ થાય.

સંસારનું વિષયજન્ય સુખ પુણ્યોદયને આધીન છે. પણ મોક્ષનું આત્મિક સુખ પોતાના પુરુષાર્થને આધીન છે. આત્મિક સુખનો પુરુષાર્થ ક્યારેય એળે જતો નથી. આત્મિક સુખ પોતાનો સ્વભાવ છે. પોતાના સ્વાભાવિક સુખ સાથે કુદરત બંધાયેલી છે. પોતાના સ્વાભાવિક સુખ માટેનો સઘળો પુરુષાર્થ ઉપાદાન કારણ હોવાથી ફળે જ છે. તેથી આત્મિક સ્વાભાવિક સુખ માટેનો પ્રયત્ન કરવામાં આવે તો તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે. આ બાબત આચાર્યશ્રી પદ્મનંદીના શબ્દોમાં—

**आस्तां जराविदु:खं सुखमपि विषयोद्भवं सतां दु:खम् ।**
**तैर्मन्यते सुखं यत्तन्मुक्तौ  सा च  दु:साध्या ॥**

**श्रुतपरिचितानुभूतं सर्व सर्वस्य जन्मने सुचिरम् ।**
**न तु मुक्तयेऽत्र सुलभा शुद्धात्मज्योतिरुपलब्धि: ॥**

**ભાવાર્થ** : મનુષ્યજીવનમાં વૃદ્ધત્વ આદિના કારણે ઉત્પન્ન થનારૂં દુઃખ તો દૂર જ રહો પણ વિષયભોગોથી ઉત્પન્ન થયેલું કહેવાતું સાંસારિક સુખ પણ પરમાર્થે દુઃખ છે. અને માત્ર આત્મિક સુખ એ જ સાચું સુખ છે એમ સાધુ પુરુષોએ પ્રતિપાદિત કર્યું છે. સંસારમાં આત્મિક સુખને દુઃસાધ્ય મનાય છે પણ તેનું કારણ એ છે કે લોકમાં સર્વ અજ્ઞાની પ્રાણીઓ ચિરકાળથી સાંસારિક સુખને જ સુખ માનતા આવ્યા છે. તેમને તેનો જ પરિચય અને અનુભવ છે. માંહોમાંહે તેઓ તેના વિષેનું જ શિક્ષણ અને ઉપદેશ પ્રાપ્ત કરે છે. પણ મોક્ષના આત્મિક સુખના કારણભૂત શુદ્ધાત્મજયોતિના સુખના સ્વરૂપની કોઈ વાત જ સાંભળી નથી. અને તેથી જ તેમને તેની ઉપલબ્ધિ સુલભ નથી. (જો મોક્ષના સુખના સાચા સ્વરૂપની ઓળખાણ કરી તેની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન કરવામાં આવે તો તેને આ સુખ પોતાની જ જાત હોવાથી દુઃસાધ્ય બનતી નથી અને સુલભ બની જાય છે.) (પદ્મનંદીપંચવિંશતિ : અધિકાર ૧૧ : શ્લોક ૫, ૬)

### સંદર્ભ સાહિત્ય


૧. પદ્મપુરાણ : પર્વ ૧૧ ની પં. દૌલતરામકૃત ભાષા ટીકા, પાનું ૬૧૮; ●૨. ત્રિલોકસાર : ગાથા ૫૫૯; ●૩. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૮ : સિદ્ધસ્તુતિ : શ્લોક ૯, ૧૦; અધ્યાય ૧૧ : શ્લોક ૫, ૬ ●૪. પ્રવચનસાર : ગાથા ૧૩, ૩૯, ૫૩, ૫૯, ૬૧, ૬૩, ૬૪, ૭૫, ૭૬ અને તેની ટીકા અને ભાવાર્થ ●૫. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૭૭ થી ૩૦૫; ●૬. બહેનશ્રીના વચનામૃત : નં. ૨૧, ૨૮૧, ૪૦૮; ●૭. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ત્રીજો : અંતિમ ફકરો.

## હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

**૧. સિદ્ધ ભગવાનને વિષય તૃષ્ણા શા કારણે હોતી નથી ?** ૧.☐
A. વિષયતૃષ્ણાના કારણભૂત સમસ્ત વિકલ્પજાળનો અભાવ
B. વિષયતૃષ્ણાના વેગને સહન કરવાની શક્તિ
C. વિષયતૃષ્ણાને વશ વર્તનારી પાંચ ઈન્દ્રિયોના અભાવ
D. વિષયતૃષ્ણાને શાંત કરવા માટે જરૂરી વિષય સામગ્રીના ભોગવટાની અનુપલબ્ધિ

**૨. સંસારી જીવનું ઈન્દ્રિય સુખ મર્યાદિત શા માટે ?** ૨.☐
A. ઈન્દ્રિય સુખ માટે જરૂરી વિષય સામગ્રીની ઉપલબ્ધતાની મર્યાદાના કારણે
B. ઈન્દ્રિય સુખના કારણભૂત વિભાવની મર્યાદા હોવાના કારણે
C.ઈન્દ્રિયસુખના સાધનભૂત ઈન્દ્રિયોની વિષયાગ્રહણની મર્યાદાના કારણે
D. ઈન્દ્રિયસુખના નિમિત્તભૂત પુણ્યોદયની મર્યાદાના કારણે

**૩. અસમંત સુખ કેવું હોય છે ?** ૩.☐
A. અજ્ઞાની જીવોને અમાન્ય હોય તેવું
B. આત્માને આધીન
C. અમુક આત્મપ્રદેશો દ્વારા પ્રવર્તનારૂં
D. પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ

**૪. સંસારી જીવનું સુખ સખેદખિન્ન કેમ છે ?** ૪.☐
A. ખેદના કારણભૂત કર્મના ઉદયના કારણે
B. ખેદયુક્ત પદાર્થોને જાણવાના કારણે
C. ઈચ્છા સહિતનું હોવાના કારણે
D. કયારેય ન ભોગવેલ હોય તેને ભોગવવાના ખેદના કારણે

**૫. સિદ્ધ ભગવાનના ક્ષાયિકસુખનું સાચું કારણ શું?** ૫.☐
A. કર્મોનો ક્ષય
B. પાંચ પ્રકારની ક્ષાયિક લબ્ધિ
C. એકવીસ પ્રકારના ઔદયિક ભાવોનો અભાવ
D. આત્માની સમીચીન શુદ્ધ પરિણતિ

**૬. સિદ્ધ ભગવાનના સુખની ઉત્કૃષ્ટતા કયા કારણે છે?** ૬.☐
A. પંચમગતિ : મોક્ષની ઉત્કૃષ્ટતાના કારણે
B. સિદ્ધ ભગવાન લોકશિખરના શિખામણિ હોવાના કારણે
C. સાધક જીવો સિદ્ધ ભગવાનના સુખની ભાવના ધરાવતા હોવાના કારણે
D. ઉત્કૃષ્ટ સ્વભાવની પ્રાપ્તિથી પ્રગટ પરમ શુદ્ધ પરિણતિના કારણે

**૭. નિઃપ્રતિપક્ષ સુખ કયારે સંભવે ?** ૭.☐
A. પ્રતિપક્ષી સંસાર શૂન્ય થાય ત્યારે
B. વિશ્વમાંથી વિરોધી કર્મોનો અત્યંત અભાવ થાય ત્યારે
C. તેને ચ્યૂત કરી શકે તેવા પ્રતિપક્ષી કારણોનો અભાવ હોય ત્યારે
D. સંપૂર્ણ લોકમાં કયાંય પણ સુખનો શત્રુ એવું દુઃખ ન હોય ત્યારે

**૮. સંસારી જીવનું સુખ કોને આધીન હોતું નથી ?** ૮.☐
A. કર્મના ક્ષયોપશમને B. ઈન્દ્રિયોને
C. આત્માને D. પરવિષયોને

**૯. શાશ્વત સુખ કેવું હોય છે ?** ૯.☐
A. સાદિ–સાન્ત એકસરખું
B. સાદિ–અનંત એકસરખું
C. અનાદિ–સાન્ત એકસરખું
D. અનાદિ–અનંત એકસરખું

**૧૦. બંધનું કારણ શું છે ?** ૧૦.☐
A. રાગાદિ દોષો
B. કર્મરજના ઘનપટલનો સંબંધ
C. વિષયોપભોગની પ્રવૃત્તિ
D. નરકાદિનું દુઃખ

**૧૧. સિદ્ધ ભગવાનનું સુખ કયા દ્વૈત વગરનું નથી ?** ૧૧.☐
A. દ્રવ્ય–પર્યાય B. શુભ–અશુભ
C. સુખ–દુઃખ D. રાગ–દ્વેષ

**૧૨. અતિશય સુખ એટલે શું ?** ૧૨.☐
A. અપૂર્વ સુખ B. અમાપ સુખ
C. અદ્દભુત સુખ D. આહ્લાદક સુખ

**૧૩. સિદ્ધ ભગવાનનું સુખ કયા કારણે અનુપમેય કહેવાય છે ?** ૧૩.☐
A. વચનઅગોચર હોવાના કારણે
B. કોઈની અપેક્ષા વગરનું હોવાના કારણે
C. સાંસારિક સુખથી વિલક્ષણ હોવાના કારણે
D. ત્રિકાળવર્તી સઘળા સાંસારિક સુખોના સરવાળાથી પણ અનંતગણું હોવાના કારણે

**૧૪. વચનાતીત સુખ કેવું હોતું નથી ?** ૧૪.☐
A. શબ્દોથી અગોચર B. ઈન્દ્રિયોથી અગોચર
C. આત્માથી અગોચર D. વચનથી અગોચર

**૧૫. સિદ્ધ ભગવાનના અનાકુળ સુખનું કારણ શું ?** ૧૫.☐
A. સંસારનો અભાવ B. અનિષ્ટોનો અભાવ
C. અજ્ઞાનનો અભાવ D. ઈચ્છાનો અભાવ

**૧૬. કોના ઘાતને સ્વભાવનો પ્રતિઘાત કહે છે ?** ૧૬.☐
A. ત્રિકાળ શુદ્ધ સ્વભાવ B. સત્ સ્વભાવ
C. જ્ઞેય–જ્ઞાયક સ્વભાવ D. જ્ઞાન–દર્શન સ્વભાવ

**૧૭. સિદ્ધ ભગવાનને સ્વભાવ પ્રતિઘાતના અભાવના કારણે શું હોતું નથી ?** ૧૭.☐
A. સ્વભાવ પ્રતિઘાતના અભાવથી ઉપજેલ સુખ
B. દર્શન–જ્ઞાન અક્રમે એક સાથે
C. દર્શનાવરણીય–જ્ઞાનાવરણીય કર્મનો સદ્દભાવ
D. દર્શન લોકાલોકમાં વિસ્તૃત અને જ્ઞાન પદાર્થોના પારને પામેલું

**૧૮. અનંત સારવાળું સુખ કેવું હોય છે ?** ૧૮.☐
A. હેય–ઉપાદેયથી રહિત
B. ઈન્દ્રિયસુખ અને અતીન્દ્રિય સુખથી સભર

C. સત્ય અને સત્ત્વથી યુકત
D. બંધ અને મોક્ષથી મુક્ત

**૧૯. આત્મિક સુખ માટેનો પુરુષાર્થ ફળે જ છે. તેનું કારણ નીચે પૈકી કયું નથી ?** ૧૯.☐

A. આત્મિક સુખ માટેનો પુરુષાર્થ એ સ્વ-સન્મુખતાનો સવળો પુરુષાર્થ હોવાથી
B. આત્મિક સુખ માટેનો પુરુષાર્થ એ સુખ માટેનું નિમિત્ત કારણ હોવાથી
C. આત્મિક સુખ માટેનો પુરુષાર્થ એ સુખ માટેનું ઉપાદાન કારણ હોવાથી
D. આત્મિક સુખ માટેના પુરુષાર્થ સાથે કુદરત બંધાયેલી હોવાથી

**૨૦. મોક્ષના આત્મિક સુખની પ્રાપ્તિ કયા કારણે દુર્લભ અને દુઃસાધ્ય છે ?** ૨૦.☐

A. આત્મિક સુખની રુચિ અને તે અનુસારનો પ્રયત્ન ન હોવાથી
B. આત્મિક સુખનો પરિચય અને અનુભવ ન હોવાથી
C. આત્મિક સુખની ચર્ચા અને વાર્તા કયાંય દેખાતી ન હોવાથી
D. આત્મિક સુખનું શિક્ષણ અને ઉપદેશ મળતો ન હોવાથી

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.

૧. વિષયાતીત સુખ કોને કહે છે ?
૨. વિષયાધીન સુખ કોને કહે છે ?
૩. અમર્યાદિત સુખ એટલે શું ?
૪. અવ્યાબાધ સુખ કોને કહે છે ?
૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ નિર્વિકલ્પ છે ?
૬. નિરૂપાધિક સુખ કેવું હોય છે ?
૭. અવિચ્છિન્ન સુખ કોને કહે છે ?
૮. ક્ષાયિક સુખ કોને કહેવાય ?
૯. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ ઉત્કૃષ્ટ છે ?
૧૦. સિદ્ધ ભગવાનનું સુખ કયા પ્રકારે અપ્રમત્ત છે ?
૧૧. શાશ્વત સુખ કોને કહેવાય ?
૧૨. અતિશય સુખ એટલે શું ?
૧૩. વચનાતીત સુખ કોને કહેવાય ?
૧૪. નિરપેક્ષ સુખ કોને કહેવાય ?
૧૫. અનંત સારવાળું સુખ કોને કહેવાય ?
૧૬. સુખને ન ઈચ્છનારો કોણ હોય ?
૧૭. શાંત ચિત્તે વિચારતા સાંસારિક સુખ કેવું જણાય છે ?
૧૮. સાધુ પુરુષોએ સાંસારિક સુખને પરમાર્થે કેવું કહ્યું છે ?
૧૯. શા માટે આત્મિક સુખને દુઃસાધ્ય માનવામાં આવે છે ?
૨૦. શા માટે આત્મિક સુખનો ઉપદેશ અને શિક્ષણ સુલભ નથી ?

### નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે વિષયાતીત છે ?
૨. સંસારી જીવનું સુખ કઈ રીતે વિષયાધીન છે ?
૩. સિદ્ધ ભગવાનના અમર્યાદિત સુખ અને સંસારી જીવના મર્યાદિત સુખની સમજણ આપો ?
૪. કઈ રીતે સિદ્ધ ભગવાનનું સુખ અવ્યાબાધ અને સંસારીજીવનું સુખ સવ્યાબાધ છે ?
૫. સિદ્ધ ભગવાનના અનંત સુખ અને સંસારી જીવના સાન્ત સુખની સમજણ આપો.
૬. સમંત સુખ કયા પ્રકારે હોય છે ? શા માટે સિદ્ધ ભગવાનનું સુખ સમંત અને સંસારી જીવનું સુખ અસમંત હોય છે ?
૭. સિદ્ધ ભગવાનના નિરૂપાધિક સુખ અને સંસારી જીવના સોપાધિક સુખની માહિતી આપો.
૮. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અવિચ્છિન્ન અને સંસારી જીવનું સુખ વિચ્છિન્ન હોય છે ?
૯. સંસારી જીવના સખેદખિન્ન અને સિદ્ધ ભગવાનના અખેદખિન્ન સુખનું સ્વરૂપ સમજાવો.
૧૦. ક્ષાયિક સુખ અને ઔદયિક સુખ વિષેની માહિતિ આપો.
૧૧. સિદ્ધ ભગવાનના નિઃપ્રતિપક્ષ અને સંસારી જીવના સપ્રતિપક્ષ સુખની સમજણ આપો ?
૧૨. કઈ રીતે સિદ્ધ ભગવાનનું સુખ અક્ષુબ્ધ અને સંસારી જીવનું સુખ ક્ષુબ્ધ છે ?
૧૩. સિદ્ધ ભગવાનના સ્વાધીન અને સંસારી જીવના પરાધીન સુખની માહિતી આપો.
૧૪. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ શાશ્વત અને સંસારી જીવનું સુખ અશાશ્વત છે ?
૧૫. સિદ્ધ ભગવાનનું સુખ કઈ રીતે મોક્ષને બતાવનારું અને મોક્ષનું કારણ છે ?
૧૬. શા માટે સંસારી જીવનું સુખ જ તેના બંધનું કારણ છે ?
૧૭. નિર્દ્વંદ્વ અને સદ્વંદ્વ સુખની સમજણ આપો.
૧૮. કઈ રીતે સિદ્ધ ભગવાનનું સુખ અતિશય અને સંસારી જીવનું સુખ હીણું છે ?
૧૯. શા માટે સિદ્ધ ભગવાનના સુખને કોઈની ઉપમા આપી શકાતી નથી અને સંસારીના સુખને કોઈ ઉપમા આપી શકાય છે ?
૨૦. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ વચનાતીત છે અને સંસારી જીવનું સુખ વચનીય છે ?
૨૧. સમ અને વિષમ સુખની સમજણ આપો.
૨૨. સિદ્ધ ભગવાનના નિરપેક્ષ અને સંસારી જીવના સાપેક્ષ સુખની માહિતી આપો.
૨૩. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અનાકુળ છે અને સંસારી જીવનું સુખ આકુળ છે ?
૨૪. સ્વભાવ પ્રતિઘાતનો અભાવ એટલે શું ? શા માટે સિદ્ધ ભગવાનનું સુખ સ્વભાવ પ્રતિઘાતના અભાવરૂપ છે ?
૨૫. શા માટે સિદ્ધ ભગવાનનું સુખ અનંત સારવાળું અને સંસારી જીવનું સુખ અત્યંત નિઃસાર છે ?
૨૬. સિદ્ધ ભગવાનના સુખની ઉપાદેયતાનું કારણ સમજાવો.
૨૭. શા માટે સાંસારિક સુખ અત્યંત હેય છે ?
૨૮. શા માટે સાંસારિક સુખનો જ પ્રયત્ન અનાદિકાળથી ચાલુ હોય છે ?
૨૯. આત્મિક સુખના પ્રયત્ન માટે કઈ બાબત જરૂરી છે ?
૩૦. શા માટે આત્મિક સુખનો પ્રયત્ન એળે જતો નથી ?
૩૧. આત્મિક સુખ કઈ રીતે દુઃસાધ્ય અને દુર્લભ મનાય છે અને કઈ રીતે તે સુસાધ્ય અને સુલભ બની જાય છે ?

### વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. સિદ્ધ ભગવાનના સુખ અને સંસારી જીવના સુખ વચ્ચેના તફાવતનો કોઈ એક મુદ્દો પસંદ કરી તેના સંબંધી વિશેષ માહિતી એકઠી કરી પ્રોજેકટ તૈયાર કરો.
૨. મોક્ષસુખ અને સંસાર સુખ વચ્ચેનો સંવાદ ભજવો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. સાંસારિક સુખનું અત્યંત હેયપણું અને મોક્ષસુખનું પરમ ઉપાદેયપણું પ્રસ્થાપિત કરવા સાંસારિક સુખને છોડી આત્મિક સુખની આરાધના કરનારા શાંતિનાથભગવાન કે તેના જેવા બીજા કોઈ મહાપુરુષની કથા કહો.